# આગેવાનોની સુઝબુઝ અને દાતાઓનાં સહયોગથી વિકાસને વરેલું બોદાલી

નવસારી જિલ્લાનાં જલાલપોર તાલુકાનાં કાંઠા વિસ્તારનું બોદાલી ગામ છેલ્લા પાંચ વર્ષથી લોકમુખે ચર્ચાઇ રહ્યું છે. બોદાલી ગામના



જ્યોતિબેન પટેલ-માજી પ્રમુખ તા.પં. જલાલપોર

જયોતિબેન રણધીરભાઇ પટેલ ગત તાલુકા પંચાયતની ટર્મમાં પ્રથમ મહીલા પ્રમુખ તરીકે ફરજ બજાવી ચૂકયા છે. હાલપણ ગામમાં સરપંચ ઉપસરપંચ મહીલાઓ જ છે. જયારે



વર્ષાબેન પટેલ-ઉપસરપંચ



લક્ષ્મીનારાયણ મંદિર

ગામનાં વિકાસમાં આગેવાનોની સુઝબુઝ તો જરૂરી છે. તો દાતા સોમાભાઇ બોદાલીકર વિગેરેનાં મળેલા આર્થિક સહયોગથી બોદાલી ગામ પણ વિકસિત ગામોની હરોળમાં મૂકાઇ જવા પામ્યું છે. ગામનાં ઘણાં આંતરિક માર્ગો બન્યા છે તો ઘણા માર્ગો બનવાનાં પણ બાકી છે જે કામો થયા છે તેમાં દાતાઓનો સહયોગ મુખ્ય છે તો જરૂર પડયે વિભાગનાં ધારાસભ્ય આર.સી. પટેલનો પણ સહયોગ મળી રહ્યો છે. પરંતુ બોદાલી ગામમાં પણ પૂર્ણા નદીનાં ધોવાણ સહીતની ગંભીર સમસ્યાઓ આકાર લઇ ચૂકી છે. જયારે હાંસાપોર જૂથ યોજનામાંથી પાણી વિતરણ કરવા માટે બનાવવામાં આવેલ સંમ્પ શોભાના ગાંઠીયા સમાન બની ચૂકયો છે. જયારે આદિવાસી વિસ્તારોમાં આવાસ રીપેરીંગ થતા નથી. જયારે કડવા ફળીયાનાં લોકોની સમસ્યા ઉકેલવા માટે પુલ બનાવવાની જરૂર છે. આ સમસયઓનાં ઉકેલ માટે ગામના પંચાયત શાસકો સહીત આગેવાનો રજૂઆત કરે છે. જયારે બોદાલી ગામના અને હાલ નવસારી રહેતા છોટુભાઇ સુખાભાઇ પટેલ રાજયસભાના સાંસદ રહી ચૂકયા છે. બોદાલીવાસીઓએ આઝાદીની લડતમાં સક્રીય ભાગ ભજવ્યો હતો જયારે ગાંધીજીએ ૨૩મી એપ્રિલ ૧૯૩૦નાં રોજ બોદાલીની સીમમાં ખજુરીનાં ઝાડ પર કુહાડીનો ઘા કરી. ખજુરી કાપો આંદોલન શરૂ કરાવ્યું હતું. જો કે ધરાસણા સત્યાગ્રહ દરમ્યાન બોદાલીનાં રામભાઇ અને મીઠાભાઇએ પણ પોલીસના અત્યાચારોનો સામનો કર્યો હતો અને બંને જણાની ધરપકડ પણ કરાઇ હતી.

જલાલપોર મછાડ મુખ્ય માર્ગ પર આવેલ બોદાલી ગામ સ્વતંત્ર ગામ પંચાયત ધરાવે છે. જેમા સાત સભ્યોમાં સંખ્યાબળમાં ગામના સરપંચપદે કલ્પનાબેન અરવિંદભાઇ પટેલ છે. તો ઉપસરપંચ તરીકે વર્ષાબેન પટેલ છે. જયારે બોદાલી ગામના જયોતિબેન રણધીરભાઇ પટેલ ને જલાલપોર તાલુકા પંચાયતના પ્રથમ મહિલા પ્રમુખ બનાવવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે. બોદાલીના વતની છોટુભાઇ સુખાભાઇ પટેલ રાજયસભાના સાંસદ રહી ચૂકયા છે. તો બોદાલી ગામના પ્રાથમિક શાળામાં શિક્ષણ ની ઉચ્ચ ગુણવત્તા અને શ્રેષ્ઠ શિક્ષણ આપવા બદલ આચાર્ય અનિલભાઇ ખાપાભાઇ પટેલ રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ તત્કાલિન રાષ્ટ્રપતિ એ.પી. જે. અબ્દુલ કલામના હસ્તે મેળવી ચૂકયાં છે. જો કે પ્રાથમિક શાળાના સીકલ બદલાવવામાં એવોર્ડ



અનિલભાઇ પટેલ-શ્રેષ્ઠ શિક્ષક રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા

વિજેતા અનિલભાઇ પટેલની મહેનત અને દાતાઓનો સહયોગ પણ એટલો જ જરૂરી છે. બોદાલી ગામના



અરવિંદભાઇ પટેલ સભ્ય તાલુકા પંચાયત

વિશિષ્ટતા એ છે કે ગામમાં રહેતા સ્થાનિક લોકો કરતા વિદેશમાં વસતા બોદાલીવાસીઓની સંખ્યા વધુ છે. બોદાલી ગામમાં મુખ્ય વસ્તી કોળી

(અનુસંધાન પાના નવ પર)

**બોદાલીનાં છોટુભાઇ સુખાભાઇ પટેલ રાજયસભાનાં સાંસદ રહી ચૂકયા છે.**



કલ્પનાબેન પટેલ-સરપંચ

**દાતાઓનાં સહયોગથી કોમ્યુનિટી હોલ પાણીની પરબ, બસસ્ટેન્ડ, તથા મીઠા સત્યાગ્રહ હોલ બનાવવામાં આવેલ છે.**

**ટાઉન ટોક**
**સરજુ મોદી**



દાતાઓનાં સહયોગથી બનેલ આંગણવાડી

**નવસારી જિલ્લામાં બોદાલીની જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક નમૂનારૂપ છે. દાતાઓનાં સહયોગથી ઇન્ટરનેટ સુવિધા સાથે વાતાનુકુલિત કોમ્પ્યુટર લેબ**



દાતા દ્વારા બનેલ લાયબ્રેરી

## દાતા સોમાભાઇ ભાણાભાઇ બોદાલીકરે ગામવિકાસમાં અનેક કામો કરાવ્યા



સોમાભાઇ બોદાલીકર કોમ્યુનીટી હોલ

*જલાલપોર તાલુકાનું બોદાલી ગામ દાતાઓનાં વિકાસતી ઝગમગી રહ્યું છે. ગામમાં રંગરોગાન કરેલ બસસ્ટેન્ડ, કોમ્યુનીટી હોલ જ્યારે પ્રાથમિક શાળા સહિતનાં વિકાસકામો ગામનાં દાતા સોમાભાઈ બોદાલીકરને આભારી છે. જ્યારે પાણીની પરબ, બસસ્ટેન્ડ તથા લાયબ્રેરી પણ દાતાનાં સહયોગથી જ બની છે. બોદાલી ગામની વાત કરીએ*

(અનુસંધાન પાના નવ પર)

**પ્રા. શાળામાં પ્રાર્થના ખંડ, કંમ્પાઉન્ડ વોલ, પ્રવેશદ્વાર વગેરે... વગેરે... કરાવ્યું ઉપરાંત ગામનાં અન્ય દાતાઓએ પાણીની પરબ, બસસ્ટેન્ડ વગેરે બંધાવ્યા**



બોદાલીનું સરસ્વતી મંદિર

## ગુજરાતની કળા, સંસ્કાર અને આગવું લોકસંગીત

ગુજરાતની ધરતીને કુદરતે છૂટે હાથે સૌંદર્ય બક્ષ્યું છે. પૂર્વમાં સહ્યાદ્રિ અને સાતપુડાના પર્વતોની હારમાળા, પશ્ચિમમાં કચ્છનું રણ, ઉત્તરે ગિરિરાજ, આબુની ડુંગરમાળ અને દક્ષિણ દમણગંગાનું નૈસર્ગિક સૌંદર્ય ઊડીને આંખે વળગે છે. ઘૂઘવતા સાગર અને સરિતા, ડુંગરાની ગાળિયું, જંગલને ઝાડિયુંનાં પ્રાકૃતિક વાતાવરણમાં ગોપ, સાગર, કૃષિ અને વનવાસી સંસ્કૃતિઓ વિકાસ પામી છે. ગુજરાતના ગૌરવવંતા લોકજીવનના વિસ્તાર પર પ્રતિ મીટ માંડીશું તો કળા, સંસ્કાર અને સંસ્કૃતિનો ધબકતો વારસો જોવા મળે છે.

હવે વાત કરવી છે સૌરાષ્ટ્રમાં વિકાસ પામેલી લોકસંસ્કૃતિની, પણ ગુજરાતની લોકસંસ્કૃતિના ઉગમ માટે કહેવું હોય તો એમ કહી શકાય કે સાબરમતીના તીરે કૂબા બાંધીને રહેતા આદિમાનવના હાથે સૌ પ્રથમ વાર એનું પારણું બંધાયું હશે. જ્યારે સૌરાષ્ટ્રની સંસ્કૃતિનું પારણું નેસડામાં રહીને પશુપાલન કરતી અરણ્યવાસી જાતિઓના હાથે બંધાયું હશે. મોહે-જો-દડો અને હરપ્પાની નગર સંસ્કૃતિઓ વિકાસ પામી તેના પહેલાં પણ વિચરતી જાતિઓની લોકસંસ્કૃતિ અસ્તિત્વમાં હતી જ. આ સંસ્કૃતિના સ્પષ્ટ અવશેષો આજે ગુજરાતના આદિવાસીઓનાં ઓજારો, દેવદેવલાઓ ભૂવા, જંતરમંતર અને પશુ-પ્રાણીઓ તથા વૃક્ષ પૂજામાં જોવા મળે છે.

ગુજરાતના આંગણે પ્રાચીન કાળથી ઊતરી આવેલી આ બધી જાતિઓ સાથે એમના પરંપરાગત એવા પહેરવેશે, પોતાનાં ઈષ્ટદેવ-દેવીઓ, કળા, સંગીત, નૃત્ય, લોકરિવાજો, માન્યતાઓ, નીતિરીતિના ખલો, રહેણીકરણી અને ખાનપાન પણ આવ્યાં. સ્થાનિક અને બહારથી આવેલી જાતિઓના સહવસવાટ અને ભાતીગળ સંસ્કૃતિના આદાન પ્રદાન દ્વારા સમૃદ્ધ બનેલા લોકસંસ્કૃતિના વહેણને આછો-પાતળો પ્રવાહ જાણે કે હિલોળા મારતો ભરપેટે વહેવા માંડ્યો. આમ, લોકસંસ્કૃતિ એ કોઇ એકલદોકલ માનવી કે માનવ સમૂહનું સર્જન નથી, પણ ઘણી નદીઓમાંથી મહાનદ ઊભો, થાય તેમ અનેક જાતિઓના સમન્વય કે સંમિશ્રણમાંથી ગુજરાતની લોકસંસ્કૃતિનાં વિશિષ્ટ સ્વરૂપો સર્જાયાં છે. આ સ્વરૂપો વડે જ લોકસંસ્કૃતિનું કાઠું બંધાયું છે.

ગુજરાતની ગૌરવવંતી ધરતી એની આગવી લોકસંસ્કૃતિ, લોકકલા અને લોકસંગીતની સુમધુર સુરાવલીઓથી સદાય ગુંજતી રહી છે. ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છની કામણગારી ધરતીના કણકણમાં લોકકલાઓ મહેકતી જોવા મળે છે. દેશ-પરદેશમાં વસતા ગુજરાતીઓ જેને માટે ગૌરવ લે છે એવી લાખેણી લોકકલાઓ અહીંના પ્રજાજીવનમાં પ્રસન્નપણે પાંગરી છે. લોકસંસ્કૃતિના સર્જનકાલ સમા મેળાઓ, જન્માષ્ટમી, નવરાત્રિ અને દિવાળી જેવા લોકઉત્સવો, લોકઘરોનું કાષ્ટ શિલ્પ, એનું રાસરચીલું, કચ્છી રબારી અને દલિત બાઈઓનું ભૂંગાનું લીપણ, ખાપું અને આભલાનું

(અનુસંધાન પાના નવ પર)

**દુષ્કાળ પડશે, તો અનાજ પરદેશથી મંગાવી શકાશે, પણ જો ગુજરાતમાં કલા, સંસ્કાર અને સંસ્કૃતિનો દુષ્કાળ પડશે તો પરદેશથી આયાત નહીં કરી શકાય એને તો આ ધરતીમાં રોપવા પડશે. ઉગાડવા પડસે અને જતન કરીને જાળવવા પડશે. કલાકારો જીવશે તો કલા અને સંસ્કૃતિ જીવશે અને કલાને સંસ્કૃત મળશે તો દેશ જીવશે.**

**ત્રણમાંથી એક નટ ગભારો ફાટતાં જમીન પર પડીને મરી ગયો. બીજો નટ કાલાવડ (શીતળા)ના પાદરમાં પડ્યોને મરી ગયો. ત્રીજો નટ ઊડતો ઊડતો ઠેબા ગામ સુધી ગયો અને એ ગામમાં ઊતર્યો. જામશ્રીએ ખુશ થઇને એને ઠેબા ગામ ઇનામમાં આપ્યું. ત્યારથી એ નટના ઠેબા તરીકે જાણીતું થયું.**

## બોદાલીનાં રામભાઇ અને મીઠાભાઇએ આઝાદીની લડતમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો

આઝાદીની લડતમાં જલાલપોર તાલુકાનાં બોદાલી ગામનાં યુવાનોએ પણ ભાગ ભજવ્યો હતો. બોદાલી ગામ પણ સ્વાતંત્ર્ય સેનાનીઓનું ગામ બન્યું હતું. જ્યારે બોદાલી ગામે મહાત્મા ગાંધીજીએ 'ખજૂરી કાપો' આંદોલન શરૂ કરાવ્યું હતું.

સને ૧૯૩૦માં ૨૩મી એપ્રિલે મહાત્મા ગાંધીજી બોદાલી પધાર્યા હતાં. ગાંધીજીએ ગામમાં ભાષણ કર્યા બાદ બોદાલીની સીમમાં આવેલ ખજૂરીનાં ઝાડ પર કુહાડીનો ઘા કરી ખજૂરી કાપો આંદોલન શરૂ કરાવ્યું હતું. પૂ. ગાંધીજીએ કરાડીની પર્ણકુટિરમાં બેસી વાઈસરોયને પત્ર લખી જણાવેલું કે હવે હું ધારાસણાનાં સરકારી મીઠાનાં અગરો પર હલ્લો લઈ જઈશ. સરકારને લાગ્યું કે હવે ગાંધીજીને પકડવા જ જોઈએ અને તા.૪-૫-૧૯૩૦ની મધરાતે કરાડીથી પકડ્યા હતાં. પરંતુ ધરાસણાનો

(અનુસંધાન પાના નવ પર)



મીઠાકાકા સત્યાગ્રહ સ્મૃતિ મંદિર

**ગાંધીજીએ બોદાલીની સીમમાં ખજૂરીનાં ઝાડ પર કુહાડીનો ઘા કરી ખજૂરી કાપો આંદોલન શરૂ કરાવ્યું હતું**

